તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુત્તમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૩ | ૨૪ નવેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**ફટાફટ ન્યુઝ**

- પશ્ચિમ બંગાળના યુવાનો પર આઈએસની નજર : રિપોર્ટ
- તમિલનાડુ પુર : ૨૦૦૦ કરોડના પેકેજની માંગણી
- નરેન્દ્ર મોદી ૧૫ ડિસેમ્બરે કેરળની મુલાકાતે
- જમ્મુ-કાશ્મીરના અનેક ભાગોમાં પારો શુન્યથી નીચે
- બ્રસલ્સમાં ૨૨થી વધુ સ્થળો પર દરોડા : ભારે સનસનાટી
- ફેડરરને હરાવીને જોકોવીકે ઈતિહાસ સર્જ્યો
- સુરક્ષા અને સંરક્ષણમાં સહકાર કરવા ભારત-મલેશિયા તૈયાર
- શેરબજારમાં મંદી : સેન્સેક્સ ૪૯ પોઈન્ટ ઘટીને અંતે બંધ
- લાલુ યાદવ સાથે ફોટાઓને લઈને કેજરીવાલ મુશ્કેલીમાં

# હિંસા ભડકાવવા દાઉદની ખતરનાક યોજના

## આઈએસઆઈની સાથે મળીને હિંસા ફેલાવવાની દાઉદની યોજના : ભાજપના અનેક નેતાઓની હત્યા કરીને દહેશત ફેલાવવા માટેની પણ તૈયારી ભરૂચમાં ભાજપ નેતાની હત્યા કેસમાં ઝડપાયેલા શખ્સનો ચોંકાવનારો ઘડાકો

નવી દિલ્હી,તા. ૨૩

પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈએ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની સાથે મળીને ભારતમાં કોમવાદી હિંસાને ભડકાવી દેવાના ખતરનાક પ્રયાસો હાથ ધર્યા હોવાના ચોંકાવનારા અહેવાલ મળ્યા છે. આઈએસઆઈ દ્વારા આ સંદર્ભમાં ભારતમાં ત્રાસવાદી સંગઠન સીમીની મદદ પણ લેવામાં આવી રહી છે. જાણીતા અખબાર મેલ ટુડે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આઈએસઆઈ ભારતમાં નવા મોડ્યુઅલ તૈયાર કરવામાં વ્યસ્ત છે. અંડરવર્લ્ડ પણ આ યોજનામાં સામેલ છે. દેશમાં જુદા જુદા ભાગોમાં કોમી હિંસા ભડકાવીને ભાજપ નેતાઓની હત્યા કરવા અને દેશમાં દહેશત ફેલાવવાની તેમની ખતરનાક યોજના રહેલી છે. ભરૂચમાં ભાજપના નેતાઓની હત્યાના મામલામાં ઝડપાઈ ગયેલા છોટા શકિલના સાગરીત સૈયદ રહેમાન દ્વારા આ સંદર્ભમાં ખુલાસો કરવામાં આવ્યો છે. રહેમાનનું કહેવું છે કે, દાઉદ આઈએસઆઈ માટે ફન્ડીગનું કામ કરી રહ્યો છે અને તે ભારતમાં હિંસા ફેલાવવા ઈચ્છુક છે.

સ્થાનિક લોકોની પણ પસંદગી કરવામાં આવી રહી છે. કેટલાક મોટા શહેરો પણ ટાર્ગેટમાં હોવાની વાત જાણવા મળી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આઈએસઆઈ અને દાઉ કેટલાક હિન્દુ નેતાઓની

● અનુસંધાન પાન-૭ પર

## કતરા નજીક હેલિકોપ્ટર તુટી પડતા વૈષ્ણોદેવી શ્રદ્ધાળુના મોત

**મહિલા પાયલટ સહિત સાત શ્રદ્ધાળુઓના કરુણ મોત : ત્રિકુટા પહાડીઓમાં બનેલા હેલિપેડથી ઉડાણ ભર્યા બાદ હેલિકોપ્ટર આગની જ્વાળામાં લપેટાઈને તુટી પડ્યું : બધા શ્રદ્ધાળ ભડથુ**

જમ્મુ,તા. ૨૩

જમ્મુ-કાશ્મીરમાં કતરા નજીક વૈષ્ણોદેવી મંદિરમાં શ્રદ્ધાળુઓને લઈને જતું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થતાં મહિલા પાયલોટ સહિત સાત શ્રદ્ધાળુઓના કરૂણ મોત આજે થઈ ગયા હતા. પોલીસે માહિતી આપતા કહ્યું હતું કે, આ બનાવ બન્યા બાદ હેલિકોપ્ટર સેવા તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવી છે. સંજીહચાટ તરફ જતા શ્રદ્ધાળુઓ દુર્ઘટનાનો શિકાર થયા હતા. આ લોકો કતરાથી રવાના થયા હતા. હેલિકોપ્ટરે ઉડાણ ભર્યા બાદ તરત જ તેમાં આગ ફાટી નિકળી હતી અને શ્રદ્ધાળુઓ ભડથુ થઈ ગયા હતા. મૃત્યુ પામેલા તમામ શ્રદ્ધાળુઓની ઓળખ કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. મૃતકોમાં છ શ્રદ્ધાળુઓ અને મહિલા પાયલોટનો સમાવેશ થાય છે.

ઈન્સપેક્ટર જનરલ ઓફ જમ્મુ ડેનિશ રાણાએ માહિતી આપતા કહ્યું હતું કે, અકસ્માતના કારણ જાણવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. ટેલીવિઝન ફોટાઓમાં સ્પષ્ટપણે દર્શાવાયું છે કે ખુલ્લા મેદાનમાં હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો છે જેમાં વિનાશક આગ ફાટી નિકળી હતી. આગ ઉપર કાબુ મેળવવાના પ્રયાસો પણ તરત હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર




પલટાતું વાતાવરણ - છેલ્લા ૪૮ કલાકમાં તાપમાનમાં ભારે ફેરફારો નોંધાયા છે... ૧૩.૫ ડિગ્રી સુધી ઉતરેલો પારો ત્રણ દિવસમાં ૨૦.૫ ડિગ્રી પર પહોંચ્યો છે... ગરમી-ઠંડી, ઠંડી-ગરમીની વચ્ચે સોમવારે બપોર બાદ વાદળો ઘેરાયા હતા. ઠંડો પવન અને ઘેરાયેલા વાદળોથી વરસાદ આવવાની શક્યતાઓ અનુભવાતી હતી... જોકે રાજ્યના કેટલાક ભાગોમાં છૂટાછવાયા વરસાદના અહેવાલો પણ છે... પલટાતું વાતાવરણ પાકના ઉત્પાદન પર અસરકર્તા બને છે...

## ઉત્તર ભારતમાં પુન: એકવાર ભૂંકપનો આંચકો

**નવી દિલ્હી, એનસીઆર અને કાશ્મીરના વિવિધ ભાગોમાં તીવ્ર આંચકાથી લોકોમાં ભય**

નવી દિલ્હી,તા. ૨૩

દિલ્હી, એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં આજે વહેલી પરોઢે ભૂંકપનો આંચકો અનુભવાયો હતો. ધરતીકંપના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. લોકો તેમના ઘરની બહાર પણ દોડી ગયા હતા. જો કે અડધી રાત્ર બાદ આંચકો આવ્યો હોવાથી કેટલાક લોકોને તેની અસર થઈ ન હતી. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે ભૂંકપનુ કેન્દ્ર અફઘાનિસ્તાનમાં હિન્દુ કુશ વિસ્તારમાં હોવાનુ જાણવા મળ્યુ છે. સાથે સાથે પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદ, લાહોર અને પેશાવર પણ ધરતીકંપના કારણઁ હચમચી ઉઠ્યા હતા.પાકિસ્તાનના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુ હતુ કે ધરતીકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૨ જેટલી આંકવામાં આવી છે. આંચકાના કારણે અફઘાનિસ્તાનના પાટનગર કાબુલમાં પણ લોકો દહેશતમાં રહ્યા હતા. અમેરિકાના વિભાગે કહ્યુ હતુ કે ધરતીકંપનુ કેન્દ્ર અફઘાનિસ્તાનના પાટનગર કાબુલથી આશરે ૩૦૦ કિલોમીટરના અંતર સ્થિત હતુ. જમીનની નીચે કેન્દ્ર હોવા છતાં તેની અસર જોવા મળી હતી. બીજી બાજુ તાજેતરના સમયમાં નેપાળ, ચીન,

● અનુસંધાન પાન-૭ પર



સ્ટ્રોંગરૂમ - રાજ્યના છ મહાનગરોમાં મતદાન થયા બાદ ઈવીએમ મશીન સ્ટ્રોંગરૂમમાં રખાયા છે.... બીજી ડિસેમ્બરે મતગણતરી થાય ત્યાં સુધી જડબેસલાક બંદોબસ્ત રખાયો છે....

## એક વોર્ડ-એક કોર્પોરેટરની માંગ પર આજે સુનાવણી

**સુપ્રીમ કોર્ટમાં થનાર સુનાવણી પર તમામની નજર : મતગણતરી અગાઉ રાજકીયપક્ષોની પણ નજર કેન્દ્રીત થઈ : ચુંટણીની પ્રક્રિયાના સંદર્ભે નવો આદેશ કરી શકે**

અમદાવાદ,તા. ૨૬

અમદાવાદ સહિત છ મહાનગરપાલિકાની ચુંટણી માટે મતદાન યોજાઈ ચુક્યું છે પરંતુ મહાનગરપાલિકાઓની ચુંટણીનું ભાવિ હવે સુપ્રીમ કોર્ટ ઉપર કેન્દ્રીત થઈ ગયું છે. મહાનગરપાલિકામાં એક વોર્ડ દીઠ એક કોર્પોરેટર હોવાની માંગણી કરીને દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટમાં આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. જાણકાર લોકોનું કહેવું છે કે જો સુપ્રીમ કોર્ટ એક વોર્ડ-એક કોર્પોરેટરની માંગણી સ્વિકાર કરશે તો મહાનગરપાલિકાની ચુંટણીની સમગ્ર પ્રક્રિયા રદ થઈ શકે છે. બીજીબાજુ સુપ્રીમ કોર્ટ અન્ય ફેંસલો પણ આપી શકે છે. મતગણતરી અગાઉ ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોની સુપ્રીમ કોર્ટ પર નજર કેન્દ્રીત થઈ ગઈ છે. ચુંટણી પ્રક્રિયા રદ ન કરીને એક વોર્ડ-એક કોર્પોરેટરનો અમલ આગામી ચુંટણીથી કરવાનો આદેશ પણ સુપ્રીમ કોર્ટ આપી શકે છે. અમદાવાદ કોર્પોરેશન સહિત રાજ્યની છ કોર્પોરેશનમાં ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. આ ચુંટણી સમયસર યોજાશે કેમ? તે અંગે પણ અનેક પ્રકારના તર્કવિતર્ક ઉઠયા હતા. તેમજ રાજકીય માહોલ એક પ્રકારે અસ્પષ્ટ હતો. ચુંટણી પર સ્ટે મુકવા માટે છેક સુપ્રીમ કોર્ટ સુધી અપીલ કરાઈ હતી. જો કે મતદારોની ઉદાસીનતાની વચ્ચે ગઈકાલે ચુંટણી પ્રક્રિયા આટોપાઈ જતા રાજકીય પક્ષોએ હાલ પુરતો હાશકારો અનુભવ્યો છે.

## સૌરાષ્ટ્રના વિવિધ ભાગમાં બીજા દિવસે હળવો વરસાદ

અમદાવાદ, તા. ૨૩

હવામાનમાં આવેલા એકાએક પલટા વચ્ચે આજે અમરેલીના ખંભામાં ભારે વરસાદ ખાબક્યો હતો. જેથી અનેક જગ્યાઓએ પાણી પણ ભરાઈ ગયા હતા. લોકોને ઠંડીમાં ચોમાસા જેવો અનુભવ થતાં તાપમાનમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે.બીજીબાજુ સૌરાષ્ટ્રના અનેક સ્થળોમાં પણ વરસાદ થયો છે. જેમાં સોમનાથ, ગીર, રાજુલા, ખાંભાનો સમાવેશ થાય છે.

**આગામી દિવસ દરમિયાન હળવા વરસાદી ઝાપટા પડવા માટે આગાહી કરાઈ ગીર, રાજુલા, સોમનાથમાં વરસાદ**

બીજીબાજુ હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, દક્ષિણ ગુજરાત, દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર, દિવ દમણમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. ઓછા તાપમાન માટેની કોઈ ચેતવણી જારી કરાઈ નથી. પરંતુ વરસાદના કારણે સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં તાપમાન ઘટીને ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે. પૂર્વ મધ્ય અરેબિયન દરીયા ઉપર મોર્નિંગ લો પ્રેશરની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે કેટલાક વિસ્તારોમાં વરસાદ પણ પડ્યો છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત, દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર, દિવ-દમણમાં વરસાદી ઝાપટા પડવાની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદી ઝાપટા પડી શકે છે. તમામ જગ્યાઓએ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે.

અમદાવાદમાં ગઈકાલે ૨૧ ડિગ્રી લઘુત્તમ તાપમાનની સામે આજે ૨૧.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે નલિયામાં તાપમાન લઘુત્તમ તાપમાન ગઈકાલના ૧૭.૮ની સામે આજે વધીને ૧૮.૯ ડિગ્રી થયું હતું. તાપમાનમાં આ પ્રકારની સ્થિતિ વારંવાર જોવા મળી રહી છે. નવેમ્બર મહિનાની પૂર્ણાહૂતિ થવા આડે હવે ગણતરીના દિવસ રહ્યા છે ત્યારે ઠંડીની અપેક્ષિત શરૂઆત હજુ પણ જોવા મળી રહી નથી. તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર ઉતાર ચઢાવની સ્થિતિ સર્જાઈ છે. આજે અમદાવાદમાં દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું.

ગાંધીનગર સમાચાર ની લોકપ્રિય દૈનિક કોલમ સુપ્રભાતમ્ ના ૧૯ વર્ષ સંપન્ન. ૨૦મા વર્ષમાં પ્રવેશ



સુરેશ પ્રા. ભટ્ટ
સુપ્રભાતમ્
તા. ૨૪-૧૧-૧૯૯૬ થી...
કોલમ અને કટાર લેખકના ૧૯ વર્ષના સફળ સાતત્યને સો-સો સલામ..
- કૃષ્ણકાન્ત જહા
અને ગાંધીનગર સમાચાર પરિવાર

આપના વિસ્તારનો એકમાત્ર જાણીતો અને વિશ્વાસપાત્ર શો-રૂમ
સુવર્ણ અમારું અને વિશ્વાસ તમારો...
સ્માર્ટ લુક
ફેમીદા મુંબઈગરા
૯૪૨૯૩ ૮૬૮૭૯



ન્યુ શબનમ જ્વેલરી
લગ્ન પ્રસંગે દુલ્હન સેટ ભાડેથી મળશે
રજવાડી સેટ, મંગળસૂત્ર, બંગડી, પાયલ, પાટલા, કાન સેટ, ચેન, વીંટી, એડીના પેન્ડલ, બુટ્ટી, સેટ, બ્રેસલેટ, કુન્દન સેટ, અમેરિકન ડાયમંડ સેટ, જોધપુરી સેટ, મોતી સેટ તથા મોતીની બંગડી હાજર સ્ટોકમાં મળશે.
૧ અને ૨ ગ્રામની દરેક ફેન્સી આઈટમ મળશે.
જીવનધારા કોમ્પ્લેક્ષ, જુની સ્ટેટ બેંકની પાસે, ટાવર રોડ, ત્રિવેદી ગોળવાળાની બાજુની ગલીમાં, સોની બજાર, હિંમતનગર

ગાંધીનગરમાં ઈચ્છો ત્યાં ગરમા ગરમ ઘર જેવું ભોજન...
બપોરે : રોટલી, શાક, કઠોળ, દાળ-ભાત, સલાડ
સાંજે : ભાખરી, શાક, ખિચડી અને દૂધ અથવા જે તે દિવસના મેનુ પ્રમાણે




આસ્થા ટિફિન
સંપર્ક : રાજેશ પટેલ
564, સેક્ટર-8-બી, ગાંધીનગર.
ફોન. 94094 28284, 98982 68159

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
● ગુજરાતી થાળી ● મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
● કાફે (24x7) ● બેન્કવેટ્સ ● રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82